# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1. ટોલ પ્લાઝા પરથી પસાર થતા ટ્રાન્સપોર્ટ વાહનોના પીયુસી ,વીમો, ફિટનેસ અને પરમિટ જેવા ડોક્યુમેન્ટ્સ ન હોય તો ઇ-ચલણ અપાશે
2. RTE એક્ટ હેઠળ પહેલા ધોરણમાં પ્રવેશ મેળવવા માટે રાજ્ય સરકારે આવક મર્યાદા વધારીને છ લાખ રૂપિયા કરી
3. રાજ્યભરમાં આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી કરાશે
4. કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના ભવાનીપુર નજીક આવેલા તળાવમાં પાંચ બાળકો ન્હાવા જતાં ડૂબ્યાં
5. અનેક એવોર્ડ મેળવનાર મેધાવી ગુજરાતી સર્જક રજનીકુમાર પંડ્યાનું 86 વર્ષની જૈફ વયે અમદાવાદમાં અવસાન

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# E- DITECTION ACT

આગામી સમયમાં ગુજરાત વાહન વ્યવહાર વિભાગ દ્વારા મોટર વાહન કાયદાને ટેકનોલોજીના માધ્યમથી એન્ફોર્સમેન્ટની કામગીરીને વધુ સશક્ત કરવા તેમજ માર્ગ સલામતી અને સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે "e-Detection" પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યમાં આવેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ માર્ગ અને મકાન વિભાગ હસ્તકના તમામ ટોલ પ્લાઝા પરથી પસાર થતા ટ્રાન્સપોર્ટ વાહનોના પીયુસી , વીમો, ફિટનેસ અને પરમિટ જેવા કોઈપણ ડોક્યુમેન્ટ્સ પરિવહન પોર્ટલ પર અદ્યતન ન હોય તો તેમને ઇ-ચલણ ઇસ્યુ કરવામાં આવશે.

એન.આઈ.સી. દ્વારા "e-Detection" પોર્ટલ બનાવવામાં આવ્યું છે. જે રાજ્યમાં આગામી સમયમાં નેશનલ અને સ્ટેટ હાઇવે તેમજ માર્ગ અને મકાન વિભાગ હસ્તકના તમામ ટોલ પ્લાઝા પર લાગુ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# RTE

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના અધિકાર અધિનિયમ ( RTE ACT-2009) હેઠળ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા બેઠકોમાં ધોરણ-એકમાં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જેમાં નબળા અને વંચિત જૂથના બાળકો માટે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-એકમાં વિનામૂલ્યે પ્રવેશ આપવા માટેની પ્રક્રિયા તારીખ ૧૬મી માર્ચ આજ સુધી છે. અગાઉ RTE પ્રવેશ માટે આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમા એક લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તારમાં એક લાખ ૫૦ હજાર સુધી મર્યાદિત હતી.

શિક્ષણ વિભાગે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ માટે આવક મર્યાદા વધારીને છ લાખ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ માટે આવક મર્યાદા વધારીને રૂપિયા છ લાખ કરવાનો નિર્ણય કર્યો છે. RTE પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટે આવક સ્લેબમાં સુધારો થતા નબળા અને વંચિત જૂથના બાળકો અને વાલીઓને મોટી રાહત થઈ છે.

. . . . . . . . . . . . .

# Rashtriya Rasikaran Divas

આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસ છે. ભારત સરકારે સઘન રસીકરણ અભિયાન હેઠળ વિવિધ રોગોની રસી આપીને લોકોને જીવનદાન આપ્યું છે. પ્રસ્તુત છે એક અહેવાલ

(VOICE CAST RASIKARAN DIVAS- ANIL PATEL)

સરકારનું પોલિયો રસીકરણ અભિયાન તેનાં "દો બુંદ જિંદગી કે " સુત્ર માટે ખૂબ જાણીતું બન્યું છે. વિવિધ રસીકરણ અભિયાન અંતર્ગત પોલિયો , ટીબી , શીતળા, ઓરી , ઇન્ફ્લુએન્ઝા અને કોરોના જેવી ગંભીર બીમારીઓ સામે લડીને અનેક લોકોને બચાવી શકાયા છે.

16 માર્ચ, 1955નાં રોજ ભારત સરકારે દેશમાંથી પોલિયો નાબૂદ કરવા માટે પોલિયોની રસીનો પ્રથમ ડોઝ આપીને સત્તાવાર રીતે પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

આ અભિયાન અંતર્ગત શૂન્યથી પાંચ વર્ષની વય જૂથના તમામ બાળકોને પોલીયોનાં બે ટીપાં પીવડાવામાં આવે છે. સરકારના અવિરત પ્રયત્નના કારણે જ ગંભીર રોગ સામે સફળતા મળી અને વર્ષ 2014માં ભારતને પોલિયો મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો. ભારત સરકારના કોવિડ-19 મહામારીની રસીએ આ વૈશ્વિક મહામારી સામે માત આપવામા અગત્યનો ભાગ ભજવ્યો છે.

આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને ગંભીર રોગો સામે લડવા માટે રસીકરણ પ્રત્યે પ્રજાજનોને જાગૃત કરવાનો અને ડોકટરો અને આરોગ્યકર્મીઓની મહેનતની પ્રશંસા કરવાનો છે.

અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ

. . . . . . . . . . . . .

# MAHISAGAR SAHERIVIKAS

ગુજરાત રાજ્ય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેરની નગરપાલિકાને પણ ક વર્ગમાંથી અ વર્ગમાં અપગ્રેડ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે લુણાવાડા પાલિકા અ વર્ગમાં અપગ્રેડ કરાતા નવા આયોજન કરવામાં આવશે તેમ લુણાવાડાના ચીફ ઓફિસર નરેશ મુનિયાએ જણાવ્યું હતું.

બાઇટ- નરેશ મુનિયા (ચીફ ઓફિસર લુણાવાડા નગરપાલિકા)

. . . . . . . . . . . . .

# Election

જામનગર જિલ્લાની ધ્રોલ નગરપાલિકાના વોર્ડ નંબર સાત માટે આજે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન યોજાશે   ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજની ચુંટણી અગાઉ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર દસરથસિંહ જાડેજાનું અવસાન થતાં આ વોર્ડની સામાન્ય ચુંટણી રદ કરવામાં આવી હતી  , રાજ્ય ચુંટણી આયોગ દ્વારા નવો ચુંટણી કાર્યક્રમ જાહેર કરાયો હતો જે મુજબ આજે મતદાન યોજાશે મુક્ત અને ન્યાયી ચુંટણી માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરાઇ છે

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# CM BHAJAN MANDLI SADHAN VITRAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારની ભજન મંડળીઓને વિવિધ સંગીત સાધનોનું વિતરણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માતાની સ્મૃતિમાં કાર્યરત કુસુમબા ફાઉન્ડેશન દ્વારા આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

તેમણે કહ્યું કે શરીરની જેમ મન અને હૃદયને સ્વસ્થ રાખવા માટે ભજન પૂરકબળ બની રહે છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, આવતીકાલની પેઢીને પણ પાણી મળી રહે , તે માટે કેચ ધ રેઇન ' અભિયાન અંતર્ગત ખાનગી સોસાયટીઓને જળસિંચન અને જળસંચય માટે પ્રેરિત કરવા આ વર્ષના બજેટમાં ૮૦-૨૦ના ધોરણે જોગવાઈ સૂચિત કરી છે. આ ઉપરાંત તેમણે સ્વચ્છતા અભિયાન ઉપર પણ ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . .

# KUTCH FIVE CHILEDRE DROWN

કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના ભવાનીપુર નજીક આવેલા તળાવમાં હિંગોળજા વાંઢના પાંચ બાળકો ન્હાવા જતાં ડૂબી ગયા હતા. ઘટના ની જાણ થતાં ફાયર વિભાગની ટીમ અને તરવૈયાઓએ શોધખોળ હાથ ધરી હતી. પાંચ પૈકી ચાર બાળકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યાં હતા જ્યારે આ અહેવાલ મળ્યાં ત્યાં સુધીમાં  એક બાળકની શોધખોળ થઇ રહી છે.

અમારા કચ્છના  પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના અહેવાલ અનુસાર  બપોરના સમયે જમ્યા બાદ વાંઢથી દૂર ભવાની પુર પાસેના તળાવમાં ન્હાતી ભેંસો લેવા ગયેલા માલધારી પરિવારના પાંચ બાળકો પણ તળાવમાં ન્હાવા પડ્યા હતા. જેમાં એક બાદ એક તમામ બાળકો  ડૂબવા લાગ્યા હતા. સાંજ સુધી ઘરે પરત ના ફરતા પરિવારજનોએ તળાવમાં શોધખોળ હાથ ધરી હતી અને તંત્રને જાણ કરી હતી.

. . . . . . . . . . . . .

# Rajnikumar - Dead

ગુજરાતી સાહિત્યનાં મેધાવી સર્જક રજનીકુમાર પંડ્યાનું ગતરાત્રે નિધન થયું છે. તેઓ ૪6 વર્ષનાં હતા. ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે તેમનું અનેરૂ યોગદાન રહ્યું છે.

પત્રકાર, વાર્તાકાર, નવલકથાકાર, અને ચરિત્ર નિંબધોના લેખક એવા સ્વર્ગિય રજનીકુમારના પુસ્તકો હિંદી, અંગ્રેજી, મરાઠી, સિંધી જેવી ભાષાઓમાં અનુવાદ થયા છે. તેમની કેટલીક નવલકથાઓ પરથી ટેલી ફિલ્મ, ટીવી સીરીયલો પણ બની છે. ગ્રામ્ય પત્રકારત્વ માટે તેઓને રાજ્ય સરકારનો એવોર્ડ તથા સ્ટેટમેન એવોર્ડ, ટૂંકી વાર્તાના ક્ષેત્રે સરોજ પાઠક અને ધૂમકેતુ એવોર્ડ તથા ગુજરાતી સાહિત્ય અકાદમી પરિષદના એવોર્ડ સહિત તેઓને અનેક એવોર્ડ સન્માનિત કરાયાં છે.

. . . . . . . . . . . . .

# EARTHQUAKE

કચ્છમાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત રહ્યો છે . અમારા પ્રતિનિધિ હેમંગ પટ્ટણી જણાવે છે કે ગત રાત્રે ૧૨ વાગ્યા ને ૪ મિનિટે ૩.૪ ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ થી ૨૬ કિમી દૂર કેન્દ્રિત હતું.

. . . . . . . . . . . . . .

# Organ donation

હોળી-ધુળેટીના પવિત્ર દિવસે અમદાવાદની સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ત્રણ અંગદાન થયાં હતા.

આ અંગદાનને કારણે કુલ ૦૯ અંગો અને ૪ આંખોનું દાન મળ્યું હતું સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૪ અંગદાન થકી ૬૦૦ અંગોનુ દાન મળ્યુ જેના થકી ૫૮૨ જરૂરીયાતમંદને નવજીવન મળ્યું હોવાનું સિવિલિ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું.

(બાઇટ---ડો. રાકેશ જોષી, સુપ્રિટેન્ડન્ટ, અમદાવાદ સિવિલ હોસ્પિટલ)

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી છ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ જોવા મળશે. આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે અને તેમાં ઘટતો દર જોવા મળશે.

ગઈકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન 39.3 ડિગ્રી અને ગાંધીનગરમાં 39.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

હવાની દિશા પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ તરફની છે. રાજ્યમાં રાત્રિનું તાપમાન સામાન્યથી થોડું વધારે નોંધાયું છે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે વધુ માહિતી આપી.

(BYTE: RAMASHREY YADAV)

. . . . . . . . . . . . .

# NATURAL FARMING SEMINAR

અમદાવાદ જિલ્લાના સાણંદ અણીયારી ખાતે બાગાયતી પાકોની પ્રાકૃતિક ખેતી અંગે પરિસંવાદ યોજાઈ ગયો, જેમાં ખેડૂતોને નવા ફળપાકો અને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો , પાક સંરક્ષણ , મિશ્ર ખેતી , આંતરપાક જેવી વિવિધ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ તકે, બાગાયતી ખેતી કરતાં ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા. સાણંદ તાલુકાના આશરે 200થી વધુ ખેડૂતોએ આ પરિસંવાદનો લાભ મેળવ્યો હતો.

. . . . . . . . . . . . .

# PAI DIVAS

વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત આપતા નવસારી જિલ્લાના રાનકુવા હાઇસ્કુલમાં ગઈકાલે પાઈ આધારિત થીમ ઉપર ડાન્સ અને કોયડા ઉકેલીને પાઈ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ 9 ના 400 અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ગણિત વિષયના 50 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ગણિતજ્ઞ ડો. પ્રકાશ પટેલે વિદ્યાર્થીઓને ગણિતની સરળ સમજ આપીને પાઈ દિવસનું મહત્વ સમજાવ્યું હતું , તો ગણિતના શિક્ષકો દ્વારા ગણિત ગીત , સિમ્બોલ ડાન્સ પોસ્ટર , મેથ્સ મોડેલ પ્રદર્શન , પઝલ અને રાજ્યકક્ષાએ વિજેતા પ્રોજેક્ટ પ્રદર્શન દ્વારા પાઈ દિવસની ઉજવણી કરાઈ હતી.

. . . . . . . . . . . . .